ધર્મ દર્શન

દિવ્ય ભાસ્કર | 3

સોમવાર, ૧૯ એપ્રિલ, ૨૦૧૦

# અક્કલકોટના સ્વામી સમર્થ

**પાદુકાપૂજન**

મયંક વ્યાસ



દત્તાત્રેય પરંપરામાં ભગવાન દત્તાત્રેય પછી શ્રીપાદવલ્લભજી અને બાદમાં સ્વામી નૃસિંહ સરસ્વતીજીનું નામ અને તેમના અનુગામી તરીકે સ્વામી સમર્થનું નામ લેવાય છે. નૃસિંહ સરસ્વતીજી પછી ચાર સદી બાદ સ્વામી સમર્થ થઈ ગયા. મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં ગાણગાપુર તેમનું સ્થાનક છે. પોતાના ભૌતિક જીવનનાં ૨૨થી ૨૩ વર્ષ તેઓએ અહીં ગાળીને અનેક દુખિયાની સેવા કરીને સત્ય-ધર્મનું આચરણ કર્યું- કરાવ્યું હતું. ચૈત્ર સુદ ત્રયોદશી (તેરશ), ઈ.સ. ૧૮૭૮ના રોજ સાંજે પદ્માસનમાં બેસીને સ્વામી સમર્થે ભૌતિક દેહનો ત્યાગ કર્યો હતો. તેઓના અંતિમ શબ્દો હતા કે 'કોઈ આંસુ સારશો નહીં, હું તમામ સ્થળોએ હંમેશાં હાજર છું. ભક્તોના તમામ પોકારનો હું પ્રતિસાદ આપીશ.'

આજેય સ્વામી સમર્થ એમના શ્રદ્ધાળુ ભક્તોની સાથે જાણે હાજરાહજૂર છે. વિજ્ઞાન-ટેક્નોલોજીના આધુનિક જમાનામાં કોઈના ગળે ઊતરે એવી આ વાત ભલે ન લાગે, પરંતુ મહારાષ્ટ્રમાં સ્વામી મહારાજના અનેક ભક્તોને એમની ઉપસ્થિતિનો અહેસાસ થતો રહ્યો છે. 'ગુરુચરિત્ર' નામના જાણીતા ગ્રંથમાં સ્વામી સમર્થ વિષેનો સવિસ્તર ઉલ્લેખ છે. સ્વામી નૃસિંહ સરસ્વતીજી દાયકાઓ સુધી લોકસેવા અને આધ્યાત્મિક ઉત્થાન બાદ હિમાલય જઈને સમાધિસ્થ થઈ ગયા હતા. ૩૦૦ વર્ષ સુધી બાહ્યદુનિયાથી સાવ અલિપ્ત થઈને તેઓ આ સ્થિતિમાં રહ્યા. તેમની આસપાસ રાફડો જામી ગયો હતો. એક દિવસ અચાનક એક કઠિયારાએ લાકડાં કાપતાં કાપતાં એ રાફડા પર એની કુહાડીનો ઘા કર્યો તો એમાંથી લોહીની ધાર છૂટી. આથી ગભરાઈને તેણે રાફડો હટાવતાં ધ્યાનમાં બેઠેલા યોગી મળી આવ્યા. યોગીએ ધીરે ધીરે આંખો ખોલી. આશ્ચર્ય ચકિત થયેલા કઠિયારાને તેમણે કહ્યું કે તું ગભરાઈશ નહીં. આ તો મારાં અધૂરાં કાર્યો માટે પ્રભુએ મને પુનઃ સજીવન કર્યો છે. આ યોગી બાદમાં સ્વામી સમર્થ તરીકે જાણીતા થયા. અક્કલકોટમાં સ્થિર થતાં પહેલાં તેમણે દેશભરમાં પરિભ્રમણ કર્યું.

શિરડીના સાંઈબાબા અને સ્વામી સમર્થ વચ્ચે ઘણું સામ્ય છે. જીવનશૈલી, જનકલ્યાણનો અભિગમ, બાહ્ય વર્તણૂક વગેરે સરખાં છે. આજે પણ અક્કલકોટમાં શ્રદ્ધાળુઓને તેમની ઉપસ્થિતિનો અહેસાસ થાય છે. સહજાનંદ સ્વામીએ પણ કેટલોક સમય સ્વામી સમર્થ પાસે જ્ઞાન ગ્રહણ કર્યું હોવાનું કહેવાય છે. સ્વામી સમર્થ આજે ય ભક્તોને કહે છે 'ડર નહીં, હું તારી પાછળ છું'. ગઈ ૩૦મી ડિસ. ૨૦૦૯ના રોજ રાત્રે સ્વામી સમર્થના કૃપાપાત્ર નરેન્દ્ર ભાસ્કર કાળેને આજ્ઞા થઈ કે તમે અક્કલકોટ આવો. ૧લી જાન્યુ. ૨૦૧૦ના તેઓ અક્કલકોટ પહોંચી ગયા. સ્વામી સમર્થે જ્યાં ૨૨ વર્ષ નિવાસ કર્યો હતો એ ચોળપ્પા સ્વામીની પાંચમી પેઢીના ધનંજય નંદકુમાર પૂજારીને સમાધિ મઠમાંથી આદેશ થયો કે મારી પાદુકા નરેન્દ્રને આપવામાં આવે. જે અનુસાર વૈશાખ અધિક માસમાં તા.૨૨-૦૪-૧૦ને ગુરુવારે અક્કલકોટમાં તેની અર્પણવિધિ થશે અને ૨૫મીને રવિવારે પાદુકા અમદાવાદ લાવવામાં આવશે. સોલા રોડ પર ભૂયંગદેવ પાસે બી.ડી. રાવ હોલમાં સવારે પાદુકાપૂજન, મહા આરતી, શોભાયાત્રા જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. ગુજરાતનું અહોભાગ્ય છે કે રાજ્યમાં સ્થાયી સ્વરૂપે પાદુકાનું આગમન થઈ રહ્યું છે. ■